# મોડાસામા ફરેડી ગામે ચૂંટણી બાબતે જૂથ અથડામણ

મોડાસા, તા.૨૯

મોડાસાના ફરેડી ગામમાં તાજેતરમાં યોડાયેલ સ્થાનિક સ્વરાજયની ચૂંટણીઓમાં સરપંચ પદ માટેની ચૂંટણીમાં સરપંચ પદ માટે ભરવાડ વિનુભાઈ ડાહ્યાભાઈ (ઉ.વ.૩૯) અને બામણીયા રમેશભાઈ સોમભાઈ (ક્ષત્રિય) ચૂંટણી જંગમાં ઝંપલાવ્યું, મંગળવારે યોજાયેલી ચૂંટણીમાં મતદાન શાંતિપુર્ણ થયા બાદ બુધવારે મોડી રાત્રીએ અગમ્ય કારણોસર ફરેડી ગામના ૧૬ જેટલા શખ્શોએ ગેરકાયદેસર મંડળી રચી ફરિયાદી વિનુભાઈના મહોલ્લામાં આવી પહોંચીને તમોએ ચૂંટમીમાં કેમ ઉમેદવારી કરી છે તેમ કહી વિકાસભાઈ બાબુભાઈ ભરવાડને લાકડી તથા છુટ્ટા પથ્થરો મારી ઈજાઓ પહોંચાડી હતી અને મા-બેન સામે બિભત્સ ગાળો બોલી જાનથી મારી નાખવાની ધમકી આપતી ફરિયાદ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાવી હતી.



બીજી બાજુ સંદિપભાઈ બામણીયાએ ૨૨ ભરવાડ કોમના શખ્શોએ એક સંપ થઈ ગેરકાયદેસર મંડળી રચી લાકડીઓ લઈ આવી ચૂંટણી સંબંધે તમોએ અમોને વોટ કેમ નહિ આપેલ તેમ કહી સંદિપભાઈના ઘર નજીક રહેલા મોટર સાયકલ અને સાઉન્ડ સિસ્ટમને નુકશાન કરી તથા ઘરના નળીયા તોડી તેમજ ઘરના પાછળ રાખેલ સુકું ઘાસ સળગાવી તેમજ સંજયજી ઠાકોરના ખિસ્સામાંથી મોબાઈલ નંગ ૨ કિંમત રૂા.૨૧૦૦૦ તથા ડ્રાઈવીંગ લાઈસન્સ તથા એટીએમની લૂંટ કરી તથા આહુજા પાવર એમએમ તથા એમ્પ્લીફાયર કિંમત રૂા. ૮૦૦૦ ની લૂંટ કરી છુટ્ટા પથ્થરમારો કરી જાની મારી નાખવાની ધમકી આપવી ફરિયાદ મોડાસા રૂરલ પોલીસ સ્ટેશનમાં નોંધાવતા મોડાસા રૂરલ પોલીસે બંને ફરિયાદીઓની ફરિયાદ લઈને કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.



મોડાસાના ફરેડી ગામે ઠાકોર સમાજ અને ભરવાડ સમાજના લોકો સામે-સામે આવી જતા અને જૂથ અથડામણ થતા મોડાસા પંથકમાં ચકચાર ફેલાઈ હતી. ફરેડી ગામમાં રહેતા લોકો જૂથ અથડામણથી ફફડી ઉઠ્યા છે. મોડાસા રૂરલ પોલીસે ફરેડી ગામમાં મોટી સંખ્યામાં પોલીસ કૂમક ઉતારી દઈ પરિસ્થિતિ થાળે પાડવા પ્રયત્નો હાથ ધર્યા હતા. અરવલ્લી જિલ્લામાં ગ્રામ પંચાયતમાં નાની-નાની જૂથ અથડામણમાં ઘટનાઓ બની હતી ત્યારે ફરેડી ગામે જૂથ અથડામણો મોટું સ્વરુપ ધારણ કરતા ગ્રામ પંચાયતની ચૂંટણી રક્ત રંજીત બની હતી.

# અરવલ્લી - સાબરકાંઠા જિલ્લામાં સરપંચ પદના વિજેતા ઉમેદવારોનું ભવ્ય વિજય સરઘસ

**ટેકેદારો ડી.જે.ના તાલે અબીલ-ગુલાલની છોળો વચ્ચે ઝૂમી ઉઠ્યા : મોડી રાત્રી સુધી મતગણતરી યથાવત્ : ભાજપ-કોંગ્રેસે તેમના તરફી ઉમેદવારો જીત્યાના દાવા**

મોડાસા, તા.૨૯

અરવલ્લી - સાબરકાંઠા જિલ્લામાં મતગણતરીને લઈને ઉમેદવારો તથા મતદારોમાં ઉત્તેજનન ભારે માહોલ વચ્ચે ગુરુવારે યાજાયેલી મતગણતરીના નિર્ધારિત સ્થળોએ વહેલી સવારથી જ કડકડતી ઠંડીમાં ઉમેદવારો તેમના ટેકેદારો સાથે આવી પહોંચ્યા હતા. મોડાસામાં નિર્ધારિત સમય કરતા થોડી મોડી મતગણતરી શરૂ થતા ઉમેદવારો અને મતદારોમાં ભારે આક્રોશ જોવા મળ્યો હતો. ચૂંટણી અધિકારીઓ દ્વારા ગ્રામ પંચાયતની મતગણતરીમાં સૌ પ્રથમ વોર્ડ વાઈજ સભ્યો અને બાદમાં સરપંચના મતોની ગણતરી હાથ ધરી હતી. મોડાસા શહેરની એન્જીનીયરીંગમાં યોજાયેલી મતગણતરીમાં વિજેતા સરપંચ પદના ઉમેદવારો દ્વારા વિજય ઘોષણા થતાની સાથે જ ઝૂમી ઉઠ્યા હતા અને વિજેતા ઉમેદવારને



ફૂલહાર પહેરાવી, ખભે ઊંચકી, અબીલ-ગુલાલ ઉડાડી વિજયોત્સવ મનાવ્યો હતો. સરપંચ પદની ઉમેદવારી અને વોર્ડ સભ્યોન ઉમેદવારીમાં હારેલા ઉમેદવારે તેમના ટેકેદારો સાથે મતગણતરીના સ્થળે નિરાશા સાથે પરત ફર્યા હતા. અરવલ્લી સાબરકાંઠા જિલ્લામાં મોડી રાત્રી સુધી મતગણતરી ચાલુ રહેતા ચિત્ર સ્પષ્ટ થયું નથી. અરવલ્લી જિલ્લા પોલીસતંત્ર અને વહીવટીતંત્ર દ્વારા મતગણતરી સમયે કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે ચુસ્ત પોલીસ બંદોબસ્ત ગોઠવી દીધો હતો.



અરવલ્લીના બાયડ આર્ટ્સ કૉલેજમાં યોજાયેલી મતગણતરીમાં મોટી સંખ્યામાં ગ્રામ પંચાયતની ચૂંટણીને અનુલક્ષીને પહોંચતા ટ્રાફિક જામ થઈ જતા બાયડ પોલીસ ટ્રાફિક નિયંતત્રાણ કરવા માટે હળવો લાઠીચાર્જ કરતા લોકોમાં નામભાગ મચી હતી.

# ધાનેરાની ૨૨ ગ્રામ પંચાયતની ચૂંટણીના પરિણામ જાહેર



ધાનેરા, તા.૨૯

ધાનેરા તાલુકાની ૨૨ ગ્રામ પંચાયતની ચૂંટણી તારીખ ૨૯.૧૨.૨૦૧૬ના રોજ યોજાઈ હતી જેની આજે વહેલી સવારથી મતગણતરી હાથ ધરવામાં આવી હતી. અને કહી ખુશી કહી ગમના માહોલ વચ્ચે પરિણામ જાહેર થયા હતા.

ધાનેરા વિવેકાનંદ વિદ્યાલય ખાતે સવારે આઠ વાગ્યાથી ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે મતગણતરી હાથ ધરવામાં આવી હતી. અને તમામ ગ્રામ પંચાયતની ચૂંટણીના પરિણામ જાહેર કરવામાં આવ્યા હતા તો બીજી તરફ ચૂંટણીના પરિણામને લઈ લોકોમાં પણ ભારે ઉત્સાહ જોવા મળી રહ્યો હતો. વિવેકાનંદ વિદ્યાલય ખાતે ચૂંટણી પરિણામ જાણવા માટે લોકોની ભારે ભીડ જોવા મળી હતી. અને લોકો દ્વારા વિજેતા ઉમેદવારોને ફુલહાર પહેરાવી મોં મીઠું કરાવ્યું હતું. વિજેતા ઉમેદવારો દ્વારા ગ્રામજનોનો આભાર માની ગામના વિકાસ કરવાની ખાત્રી આપી હતી.

# બનાસકાંઠામાં ગ્રામ પંચાયતનું પરિણામ જાહેર

પાલનપુર, તા.૨૯

સરહદી બનાસકાંઠા જિલ્લામાં ૨૭ ડિસેમ્બર અને ગ્રામ પંચાયત ની ચૂંટણી માં ૮૪.૫૬ ટકા જેટલું વિક્રમી મતદાન થયું હતું. જિલ્લાની ૫૫૬ ગ્રામ પંચાયતપર ૧૮૯૯ સરપંચ ઉમેદવારોનું ભાવિ મતપેટીમાં સીલ થયું હતું આજે જિલ્લાના ૧૪ તાલુકામાં પંચાયત ચૂંટણીની મતગણતરી હાથ ધરવામાં આવી હતી જો કે બેલેટથી ચૂંટણીનું મતદાન થયું હોવાથી તમામ પંચાયતનું પરિણામ મોડી રાત સુધી જાહેર થાય તેવી શક્યતા છે.

જિલ્લા મથક પાલનપુર અમદાવાદ હાઈવે પર આવેલ જગાણા પોલિટેક્નિક કોલેજ ખાતેપાલનપુર તાલુકાની ૬૨ ગ્રામ પંચાયતની મત ગણતરી હાથધરવામાં આવી હતી ચુસ્ત પોલીસ બંદોબસ્ત સાથે શરૂ થયેલી મતગણતરીમાં દિવસભર સમર્થકોની કોલેજના ગેટ આગળ મોટી ભીડ જામી હતી જિલ્લા કલેક્ટર જેનું દેવન એ મતગણતરી દરમિયાન મતગણતરી હોલની મુલાકાત લઈ કામગીરીનું નિરક્ષણ કર્યું હતું પાલનપુર ગ્રામ પંચાયતની ચૂંટણી નું પરિણામ સાંજ સુધી માં મોટાભાગ ની પંચાયત પરિણામ જાહેર થઈ ગયા હતા આજે પાલનપુર તાલુકા ના ગ્રામ પંચાયતના વિજેતા સરપંચ ઉમેદવારોએ પોતાના ગામને ડીઝીટલ ગામ બનાવની નેમ સાથે ગામને પ્રથામિક સુવિધા આપવામાં વધુ ભાર મુકાયો હતો.

**પાલનપુર તાલુકાની પીરોજપુર ટાંકણી પંચાયતની ચૂંટણીની મતગણતરી પર હાઇકોર્ટનો મનાઈ હુકમ**

# ખેડબ્રહ્મા તાલુકાની ગ્રામ પંચાયતની ગણતરીમાં ગ્રામજનોના ટોળા ઉમટ્યા

ખેડબ્રહમા, તા.૨૯

ખેડબ્રહ્મા તાલુકાની ૧૮ પંચાયતોની મતગણતરી ગુરુવારના રોજ મતગણતરી તાલુકા સેવા સદન ખાતે યોજાઈ હતી. જેને લઈ ઉમેદવાર સાથે ટેકેદારો વહેલી સવાર થી જ સેવાસદન ખાતે ઉમટી પડ્યા હતા. મતપેટીઓ ખુલતા અને બહાર જાહેરાત થતા સમર્થકોમાં ઉત્તેજના વધતી જતી હતી. વિજેતા ઉમેદવાર બહાર આવતા જ સમર્થકોએ ગુલાબ ઉડાડી, હાર પહેરાવી ઉચકી લઈ વિજયોત્સવ મનાવ્યો હતો. જયારે ગલોડિયા ગ્રામ પંચાયતના વોર્ડ નં. ૮માં પટેલ સુરેશકુમાર નટવરભાઈ સામે પટેલ લવીનભાઈ નારજીભાઈને ભારે રસાકસી બાદ ૧ મતે વિજેતા જાહેર કરવામાં આવ્યા હતા.



## ખેડબ્રહ્મા ગ્રામ પંચાયતમાં વિજેતા ઉમેદવારો

| નામ | ગ્રામ | મળેલા મત |
|---|---|---|
| તરાળ કાન્તાબેન કિરણ કુમાર | ગોતા | ૫૯૬ |
| બેગડીયા હિરાબેન | નાકા | ૯૧૦ |
| કાબા સૂર્યાબા ભમ્મરસિંહ | ગાડુ | ૭૪૩ |
| નરસિંહભાઈ શંકરભાઈ | કલોલ | ૩૫૬ |
| દાવડા ચંદુભાઈ ચુનાભાઈ | વરતોલ | ૧૦૨૫ |
| પરમાર સપનાબેન રાકેશકુમાર | નવા મોટા | ૭૮૩ |
| પટેલ વિનોદકુમાર પરસોત્તમદાસ | ગલોડીયા | ૮૨૭ |
| બ્રહ્મભટ્ટ પ્રકાશભાઈ દેવીપ્રસાદ | | ૪૨૪ |
| પટેલ મધુબેન હસમુખભાઈ | દેરોલ | ૪૪૮ |
| ડાભી શ્રવણકુમાર ભગાભાઈ | | ૫૩૧ |
| પારધી સાંકળાભાઈ સંગ્રામભાઈ | આગીયા | ૧૧૨૩ |
| ડાભી મોદણબેન કસનાભાઈ | ઝાંઝળા પાણાઈ | ૧૮૮૧ |
| પરમાર નાનજીભાઈ ધૂળાભાઈ | | ૧૨૫૩ |

# પ્રાંતિજ તાલુકામાં ‘કહી ખુશી કહીં ગમ’

પ્રાંતિજ તા.૨૯

સાબરકાંઠા જિલ્લાનાં પ્રાંતિજ ખાતે ૨૬ ગ્રામપંચાયતના સરપંચો માટેની ચુંટણી યોજાઈ હતી જેમાં ૨૬ ગ્રામપંચાયતોના પરિણામો જાહેર થતા કહી ખુશી કહી ગમ જેવો માહોલ જોવા મલ્યો હતો અને ઠેરઠેર વિજય સર્ઘષ નિકળ્યાં હતાં.

પ્રાંતિજ ખાતે પણ ગ્રામપંચાયતની ૨૬ બેઠક માટે ૧૦૪ ઉમેદવારો એ ઉમેદવારી નોંધાવી હતી અને તા.૨૭-૧૨-૨૦૧૬ ને મંગળવારના રોજ સરપંચો માટે ની ચુંટણી યોજાઈ હતી અને તા.૨૯-૧૨-૨૦૧૬ને ગુરૂવારના રોજ પ્રાંતિજ તાલુકા સેવાસદન ખાતે સવારે-૯-૦૦ કલાકે મત ગણતરી હાથ ધરવામાં આવી હતી જેમાં એક પછી એક ગામોનાં પરિણામ જાહેર થતાં કહી ખુશી કહી ગમ જેવો માહોલ જોવાં મલ્યો હતો અને ચુંટાયેલા ઉમેદવાર સરપંચોને





ટેકેદારો ગામજનો દ્વારા વિજય બનેલ ઉમેદવાર સરપંચો ને ફુલહાર અબીલ ગુલાલ દ્વારા સ્વાગત તથા ભેટી ને અભિનંદન પાઠવતાં જોવાં મલ્યા હતાં અને તાલુકા સેવા સદન બહાર રોડ ઉપર ઠેર- ઠેર વિજય સર્ઘષ જોવાં મલ્યાં હતાં જયારે ચુંટણી અધિકારી એ.આર.ચૌધરી ના અધ્યકક્ષ સ્થાને નિષ્ઠા પૂર્વક ચુંટણી યોજાઈ હતી.

## પ્રાંતિજ ગ્રામ પંચાયતમાં વિજેતા ઉમેદવારો

| ગામ | નામ |
|---|---|
| આસરોડા | પુરષોત્તમભાઈ મોહનભાઈ પટેલ |
| રૂપપુરા | હરિસિંહ બાલુસિંહ રાઠોડ |
| અમીનપુર | ભરતભાઈ રામાભાઈ પટેલ |
| ગેડ | અમૃતબા કનકસિંહ રાઠોડ |
| ઓરાણ | કરામત અલી બાકલઅલી શહિયદ |
| અનવરપુરા | દેવેન્દ્ર કુમાર છગનલાલ પટેલ |
| પોયડા | તેજલબેન ભૂપતસિંહ ચૌહાણ |
| મૌછા | હંસરાજ પ્રહલાદસિંહ પરમાર |
| ફતેપુરા | તારાબેન રમણસિંહ બારૈયા |
| કેશરપુરા | શીવસિંહ માલસિંહ ચૌહાણ |
| રાસલોડ | કાન્તાબેન પરબતસિંહ પરમાર |
| ઝાલાની મુવાડી | ચંદ્રાબા રંગુસિંહ ઝાલા |
| ધડકણ | રજુસીંગ શનાજી ચૌહાણ |

# ભિલોડા તાલુકામાં ઠેર-ઠેર ‘કહી ખુશી કહી ગમ’ના દશ્યો જોવા મળ્યા

ભિલોડા,તા.૨૯

ભિલોડા તાલુકાની ગ્રામ પંચાયતોની ભારે રસાકસીભરી ચુંટણી યોજાઈ હતી. આજે તા.૨૯ના રોજ મતગણતરી હાથ ધરાઈ હતી. ગ્રામ પંચાયતની ચુંટણીમાં યોજાયેલ મતદાનનું પરીણામ જાણવા વહેલી સવારથી જ ઉમેદવાર સરપંચો, ટેકેદારો, ગ્રામજનો ભિલોડા એન.આર. વિદ્યાલય પટ્ટાંગણ, ભિલોડા એસ.ટી. બસ સ્ટેન્ડ વિસ્તારમાં લોકોના ટોળેટોળા ઉમટ્યા હતા.



મતગણતરી શરૂ થઈ અને જેમ-જેમ પરીણામ આવતા રહ્યા તેમ તેમ સરપંચોના ટેકેદારો,સભ્યો મોટી સંખ્યામાં ટ્રેક્ટરો,ટેમ્પાઓમાં બેસી ફુલહાર, અબીલ ગુલાલની છોળો ઉડાળતા ઉડાળતા જીત ગયા... ભાઈ જીત ગયા... હમારા ઉમેદવાર જીત ગયાના... શાનદાર ગગનભેદી નારાઓથી ભિલોડા તાલુકામાં વાતાવરણમાં જીતનો માહોલ જોવા મળ્યો હતો. કહી ખુશી કહી ગમના દશ્યો જોવા મળતા હતા. લોકસભા, વિધાનસભાની ચુંટણી કરતા પણ ગ્રામ્યવિસ્તારોમાં સરપંચ પદનું વિશેષ મહત્વ હોવાથી લોકોમાં ભારે આનંદ, ઉત્સાહ શાનદારપણે જોવા મળ્યો હતો. આજે સવારે મતગણરી વહીવટી તંત્ર ધ્વારા હાથ ધરાઈ હતી. ભિલોડા મામલતદાર જી.કે.પટેલ, ભિલોડા ટી.ડી.ઓ. રાકેશભાઈ પટેલ તેમજ વહીવટી તંત્રના અધિકારીઓના જણાવ્યા મુજબ ભિલોડા ગ્રામ પંચાયત ચુંટણી અધિકારી, મતગણતરી સુપરવાઈઝરોએ મુજબ મતગણતરી દરમ્યાન ભિલોડા ગ્રામ પંચાયતના ૧૧ વોર્ડનું પરીણામ જાહેર થયેલ હતું. ભિલોડા ગ્રામ પંચાયતના સરપંચ પદનું સુકાન સંભાળવા પાંચ ઉમેદવારોએ ઉમેદવારી નોંધાવી હતી. ભિલોડા તાલુકામાં ગ્રામ્ય વિસ્તારોમાં તમામ ગ્રામ પંચાયતોનું પરીણામ આવતા આવતા રાત્રે લગભગ બાર વાગશે તેવા એંધાણ વર્તાઈ રહ્યા હોવાનું આધારભુત સુત્રો ધ્વારા જાણવા મળેલ છે. કોઈ અનિચ્છનીય બનાવ ન બને તે માટે મતગણતરી કેન્દ્ર ઉપર ભિલોડા પી.એસ.આઈ. એમ. એચ. સોલંકી, શામળાજી પી.એસ.આઈ. એચ. પી. ઝાલા ધ્વારા ચુસ્ત લોખંડી પોલીસ બદોબસ્ત ગોઠવાયો હતો. સરપંચ પદના દાવેદારોનો આજે ફેંસલો આવતા કહી ખુશી કહી ગમના દશ્યો સર્જાયા હતા.



## મોડાસા તાલુકાના ગ્રામ પંચાયતોની ચૂંટણીનું પરિણામ જાહેર

મોડાસા, તા.૨૯

રાજયના મુખ્ય બે રાજકીય પક્ષો માટે રાજયમાં યોજાયેલ ગ્રામ પંચાયતોની ચૂંટણી વર્ષ -૨૦૧૭માં યોજાનાર વિધાનસભાની ચૂંટણી માટે સેમીફાઈનલ જેવો ચૂંટણી જંગ હતો. જેમાં બંને પક્ષોની વિચારધારા સાથે સંકળાયેલા ઉમેદવારો સરપંચ તથા વોર્ડની ચૂંટણીના મેદાનમાં ઉતર્યા હતા. જેમાં મોડાસા તાલુકામાં કુલ ૨૮ ગ્રામ પંચાયતોમાં ચૂંટણી જાહેર કરવામાં આવી હતી. તેમાંથી બે ગ્રામ પંચાયત જેવી કે કિશોરપુરા અને ટીંટીસર (સજાપુર) સમરસ જાહેર કરવામાં આવી હતી, જયારે ૨૬ પંચાયતોમાં ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં ચૂંટણી પરિણામ જાહેર થયા હતા.

| નામ | પંચાયત |
|---|---|
| પટેલ આશાબેન કાળીદાસ | કોકાપુર |
| કમળાબેન પ્રણામી | ગઢડા |
| ચૌહાણ રમેશભાઈ ખાતુભાઈ | શામપુર |
| ખાંટ ચંદુજી સોમાજી | બડોદરા |
| જોષી હિતેન્દ્રકુમાર દિનેશભાઈ | લીંભોઈ |
| શીલ્પાબેન કિરીટભાઈ પટેલ | મોટી-ચિચણો |
| ચૌહાણ સજ્જનબેન અમ્રતભાઈ | ગઢા |
| ચૌહાણ કાંતિભાઈ કેશભાઈ | વાંટા-રામપુર |
| પ્રણામી રમેશભાઈ | ખડોદા |
| બામણીયા કોદીબેન જેહાજી | સરૂરપુરા |
| વણકર વાલાભાઈ | બામણવાડા |



અરવલ્લી જિલ્લામાં મોડાસા તાલુકાના રખિયાલ ગામના પશુપાલકના ઘરે આજે ગાયને એક જ પ્રસૂતિમાં એક સાથે બે વાછરડાને જન્મ આપતા કુદરતના આ કરિશ્માને નિહાળવા લોકો કુતૂહલવશ ઉમટી પડ્યા હતા. બંને વાછરડાં તંદુરસ્ત અને હેમખેમ છે.